# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

****************************************************

1) રાજ્યસભામાં વક્ફ સુધારા વિધેયક, 2025 રજૂઃ હાલ ચર્ચા ચાલી રહી છે, લોકસભામાં કોસ્ટલ શિપિંગ બિલ, 2024 પસાર
2) ભારત અને થાઇલેન્ડ વચ્ચે માહિતી ટેકનોલોજી, દરિયાઈ, એમએસએમઇ સહિતનાં ક્ષેત્રોમાં સહકાર માટે છ કરારો પર હસ્તાક્ષર
3) દેશમાં ટૂંક સમયમાં 100 ખાદ્ય પરીક્ષણ પ્રયોગશાળાઓ બનાવવામાં આવશે
4) યમુનોત્રી ધામના કપાટ આ મહિનાની 30મી તારીખે અક્ષય તૃતિયાના રોજ ખોલવામાં આવશે.
5) આઇપીએલમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી

.....................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# WAQF BILL 2025 RAJYA SABHA

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે રાજ્યસભામાં વક્ફ સુધારા વિધેયક, 2025 રજૂ કરતા જણાવ્યું કે, વક્ફ સંપત્તિનાં સંચાલનના લાભાર્થી મુસ્લિમો જ રહેશે, બોર્ડના સંચાલનમાં બિન-મુસ્લિમોની કોઈ દરમિયાનગીરી રહેશે નહીં.

(BYTE KIREN RIJIJU INCLUSIVITY)

ચર્ચમાં ભાગ લેતા કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું કે, વક્ફ બિલથી રાષ્ટ્ર ભવિષ્યમાં મજબૂત બનશે. તેમણે જણાવ્યું કે, આ બિલ રાષ્ટ્રનાં હિતમાં છે.

(BYTE JP NADDA WAQF BILL)

કોંગ્રેસના ડોક્ટર સૈયદ નસીર હુસૈને જણાવ્યું કે, આ બિલ ગેરમાર્ગે દોરે છે અને કોમી ધ્રુવીકરણનાં ઇરાદાથી તે લાવવામાં આવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે, ભારતીય જનતા પાર્ટી સમુદાયોમાં વિભાજનનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવી, ડીએમકેના તિરુચી સિવા, ટીએમસીના મોહમ્મદ નદીમુલ હક, આમ આદમી પાર્ટીના સંજયસિંહ અને આરજેડીના મનોજકુમાર ઝાએ બિલનો વિરોધ કર્યો હતો. બિલ પર હાલ ચર્ચા ચાલુ છે.

ચર્ચા માટે આઠ કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. લોકસભામાં ગઈ મોડી રાત્રિએ બિલ બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું.

…2…

વક્ફ સુધારા વિધેયકનો ઉદ્દેશ વારસાગત સ્થળોની સુરક્ષા અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ સાથે વક્ફ મિલકતોના વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવાનો છે.

આ કાયદાનો ઉદ્દેશ મિલકત વ્યવસ્થાપનમાં પારદર્શકતા વધારી વક્ફ બૉર્ડ અને સ્થાનિક અધિકારીઓ વચ્ચે સંકલનને સુવ્યવસ્થિત કરીને અને હિતધારકોના અધિકારોનું રક્ષણ કરીને શાસનમાં સુધારો કરવાનો પણ છે.

. . . . . . . . . . . . . .

## LS- COASTAL SHIPPING BILL

લોકસભામાં આજે કોસ્ટલ શિપિંગ બિલ, 2024 પસાર કરવામાં આવ્યું. આ બિલમાં ભારતીય જળસીમામાં વેપારમાં રોકાયેલા જહાજોનું નિયમન કરવાની જોગવાઈ છે. આ બિલ પ્રમાણે, જળસીમાનો અર્થ ભારતના પ્રાદેશિક જળ તેમજ નજીકના દરિયાઈ ક્ષેત્રો થાય છે.

આ બિલનો ઉદ્દેશ જહાજોના નિયમનને લગતા કાયદાને મજબૂત બનાવવાનો અને તેમાં સુધારો કરવાનો, દરિયાઇ વેપારને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

આ બિલ પરની ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે, આ ક્ષેત્ર દેશનું સૌથી મોટું પરિવહન ક્ષેત્ર છે અને ભારતના અર્થતંત્રને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

. . . . . . . . . . . . . . .

## LS - RAHUL

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે વાસ્તવિક નિયંત્રણ રેખા અને અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફનો મુદ્દો ઉઠાવ્યો હતો. શૂન્યકાળ દરમિયાન મુદ્દાઓ ઉઠાવતા શ્રી ગાંધીએ કહ્યું કે, અંકુશ રેખા પર યથાસ્થિતિ હોવી જોઈએ અને ભારતને તેની જમીન પરત મળવી જોઈએ. અમેરિકા દ્વારા પારસ્પરિક ટેરિફ અંગે શ્રી ગાંધીએ જણાવ્યું કે, આ નિર્ણયથી ઓટો અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો તેમજ કૃષિને અસર થશે. તેમણે સરકારને અમેરિકાના નિર્ણય પર પોતાનું પગલું સ્પષ્ટ કરવા કહ્યું હતું.

. . . . . . . . . . . . . . .

## PM-THAILAND VISIT

ભારત અને થાઇલેન્ડે આજે માહિતી ટેકનોલોજી, દરિયાઈ, એમએસએમઇ, હસ્તકલા અને હાથસાળ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે છ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. આજે બેંગકોકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને થાઈલેન્ડના તેમના સમકક્ષ પેટોંગટાર્ન શિનાવાત્રા વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો બાદ આ સમજૂતીઓનું આદાનપ્રદાન થયું હતું.

બંને પક્ષોએ દ્વિપક્ષી સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી અને બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ વેગ આપવાના વિકલ્પો પર ચર્ચા કરી. સંયુક્ત નિવેદનમાં શ્રી મોદીએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી રચવાની જાહેરાત કરી.

**(BYTE PM ACT EAST)**

બંને નેતાઓએ પરસ્પર વેપાર, રોકાણ અને વ્યવસાયો વચ્ચે આદાનપ્રદાન વધારવા અંગે પણ ચર્ચા કરી હતી. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, વાતચીત દરમિયાન બંને પક્ષોએ પૂર્વોત્તર ભારત અને થાઇલેન્ડ વચ્ચે પ્રવાસન, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં સહયોગ પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, હાથસાળ અને હસ્તકલામાં સહકાર માટે પણ સમજૂતીઓ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ થાઈ રામાયણ, રામાકિયનની મનમોહક પ્રસ્તુતિ પણ નિહાળી હતી.

(BYTE PM RAMAYAN)

આજે સવારે થાઇલેન્ડ પહોંચેલા શ્રી મોદીનું વિમાનમથકે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મોદી આવતીકાલે યોજાનારી છઠ્ઠી બિમસ્ટેક શિખર પરિષદમાં ભાગ લેવા થાઇલેન્ડની બે દિવસની મુલાકાતે છે. બિમસ્ટેક શિખર સંમેલન બાદ પ્રધાનમંત્રી મોદી આવતી કાલે શ્રીલંકાની ત્રણ દિવસની મુલાકાતે જશે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## CHIRAG PASWAN-FSSAI

કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું છે કે, સરકાર ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે દેશમાં ટૂંક સમયમાં 100 ખાદ્ય પરીક્ષણ પ્રયોગશાળાઓ બનાવશે.

લોકસભામાં એક પ્રશ્નનાં જવાબમાં શ્રી પાસવાને કહ્યું કે, સરકાર ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સાથે કોઈ સમાધાન નહીં કરે. તેમણે જણાવ્યું કે, દેશમાં 205 ખાદ્ય પરિક્ષણ પ્રયોગશાળાઓ છે, જે 503 કરોડ રૂપિયાનાં ખર્ચે બનાવવામાં આવી છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માપદંડ સત્તામંડળ - FSSAI એ છેલ્લાં બે વર્ષમાં ત્રણ લાખથી વધુ નમૂનાનું પરીક્ષણ કર્યું છે અને તેમાંથી 13 હજાર નમૂના અસુરક્ષિત પ્રમાણિત થયા છે.

. . . . . . . . . . . . . .

## YAMNOTRI DHAM OPENING

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં આવેલા યમુનોત્રી ધામના કપાટ આ મહિનાની 30મી તારીખે અક્ષય તૃતિયાના દિવસે ભક્તો માટે ખોલવામાં આવશે. આજે યમુના જયંતીના અવસરે ખરસાલીના મંદિરના પૂજારીઓએ ધામના મંદિર ખોલવાની તારીખની જાહેરાત કરી હતી.

યમુનોત્રી મંદિર સમિતિના સચિવ સુનીલ ઉનિયાલે જણાવ્યું હતું કે, 30 એપ્રિલના રોજ મા યમુનાની ડોલી પરંપરાગત સંગીતનાં સાધનો સાથે ખરસાલી ગામમાં શિયાળુ રોકાણથી સવારે 8.28 વાગ્યે યમુનોત્રી ધામ માટે રવાના થશે. તે જ દિવસે ગંગોત્રીના મંદિરો પણ ખુલશે. 2 મેના રોજ કેદારનાથ ધામ અને 4 મેના રોજ બદ્રીનાથ ધામના કપાટ ખોલવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

## RAJNATH-ARMY CONFERENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સશસ્ત્ર દળોને લાંબા અને ટૂંકા ગાળાનાં પડકારો માટે તૈયાર રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સમાં સંબોધન કરતા શ્રી સિંહે ભારપૂર્વક જણાવ્યું કે, ભવિષ્યમાં હાઇબ્રિડ યુદ્ધ સહિતનાં બિનપરંપરાગત અને વિષમ યુદ્ધ થઈ શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે સાયબર, માહિતી, સંદેશાવ્યવહાર, વેપાર અને નાણાં, ભવિષ્યના સંઘર્ષોના અવિભાજ્ય ભાગો બની ગયા છે. શ્રી સિંહે કહ્યું કે આને કારણે સશસ્ત્ર દળોને વ્યૂહરચનાઓ ઘડતી કરતી વખતે આ બધા પાસાઓ ધ્યાનમાં લેવાની જરૂર છે.

. . . . . . . . . . . . . . .

## IPL

આઇપીએલ ક્રિકેટમાં હાલ કોલકતાના ઇડન ગાર્ડન્સ ખાતે યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ ચાલી રહી છે.

સનરાઇઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે કોલકાતા નાઇટ રાઇડર્સે 5 ઓવરમાં 2 વિકેટે 34 રન કર્યા છે.

કોલકાતાએ અત્યાર સુધીની ત્રણ મેચમાંથી એક મેચ જ જીતી છે. બે પોઇન્ટ સાથે તે ટેબલમાં 10મા ક્રમે છે. સનરાઇઝર્સ હૈદરાબાદ પણ ત્રણમાંથી એક મેચ જીતીને આઠમા ક્રમે છે.

. . . . . . . . . . . . . . .

## BOXING

ભારતના મનીષ રાઠોડ, હિતેશ અને અભિનાશ જામવાલ પોતપોતાના વજન વર્ગમાં જીત સાથે વિશ્વ મુક્કેબાજી કપ બ્રાઝિલ, 2025ની સેમિફાઇનલમાં પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . . .